# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ | :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ | web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/મા.સ.કાર્યક્રમ/૨૦૨૩/ ૧૦૮૫૮ | તા. ૬૬/૦૭/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેરની તમામ પ્રાથમિક, મા. અને ઉ.મા.શાળાઓ તરફ

આ સાથે સામેલ મે. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, સુરતના તા. ૧૦/૦૭/૨૦૨૩ ના પત્ર ક્રમાંક: નં. માર્ગ સલામતી/પ્લાનીંગ/શાળા કોલેજો/સુરત/ઓન/૫૨૦૮ અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત

Scanned with CamScanner

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, સુરત(પાલ)
સિધ્ધી વિનાયક-અન્નપૂર્ણા માતાજીના મંદિરની બાજુમાં,
પાલ-હજીરા રોડ,સુરત ફોન. ૦૨૬૧-૨૯૭૭૧૯
e-mail: rtosurat05@yahoo.com

Azadi Ka Amrit Mahotsav

નં./માર્ગ સલામતી/ પ્લાનીંગ/શાળા-કોલેજો/સુરત/ઓન /5208

તારીખ : 10-07-2023

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા
આચાર્યશ્રીઓ, (પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર મા.શાળાઓ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
એ-૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત-૩૯૫૦૦૧

**વિષય: શાળા સલામતી અંતર્ગત માર્ગ સલામતિ - ટ્રાફિક એજ્યુકેશન અને જનજાગૃતી કાર્યક્રમનુ આયોજન કરવા બાબત.**

ઉપરોક્ત વિષયે જયભારત સહ જણાવવાનું કે ગુજરાત સરકારનાં વાહનવ્યવહાર વિભાગ સુરત આર.ટી.ઓ દ્વારા "માર્ગ સલામતિ જનજાગૃતી" કાર્યક્રમો દરેક શાળા-કોલેજોમાં દર વર્ષે કરવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત શહેરમાં આવેલ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાહનચાલકો(ડ્રાઇવરો) માં "માર્ગ સલામતી"ની ભાવના પ્રબળ બને તથા ટ્રાફીકના નિયમોની જાણકારી-એજ્યુકેશન મળી રહે, તેમાટે દરેક શાળા-કોલેજોમાં "માર્ગ સલામતી-જનજાગૃતી" લાવવા સારૂ ટ્રાફીક નિયમોની સંપુર્ણ જાણકારીથી નવી યુવાપેઢી વાકેફ થાય તથા રોડ અક્સ્માતોથી જાનહાની ઘટે તેવા શુભ હેતુસર દરેક પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિમક શાળાઓમામાં પાવરપોઇંટ પ્રદર્શીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

સદર કાર્યક્રમમાં સરકારશ્રીની રોડસેફ્ટી અંગેની યોજનાની માહીતી તેમજ હેલ્મેટ ન પહેરવાથી થતુ નુકશાન, સીટ બેલ્ટ, વાહનની ઓવર સ્પીડ, વાહન ચલાવતી વખતે ચાલુ ગાડીએ મોબાઇલ પર વાત કરવાથી તેમજ રોડક્રોસીંગ, ડ્રાઇવિંગ લાયસન્સની અગત્યતા, લાયસન્સ મેળવવાની ઑનલાઇન પ્રક્રીયાની સમજુતી તથા ગંભીર અકસ્માતોથી પોતાનું અને અન્યોનુ અમુલ્ય જીવન/જાતને બચાવી શકાય તેનું પ્રશિક્ષણ પુરુ પાડવામાં આવનાર છે. જેથી નીચે આપેલ નંબર પર ફોન કરી આપની શાળા માટે ટાઈમ મેળવી લેવો જેમાં અત્રેની ટીમવાન આપની શાળામાં માર્ગ સલામતી કાર્યક્રમ માટે આવશે. સુરત શહેરને એક્સિડેન્ટ ફ્રી શહેર બનાવવાનાની આ ઉમદા કામગીરીમાં સાથ-સહકાર આપવા નમ્ર વિનંતી છે.

આ કાર્યક્રમનુ આયોજન અસરકારક થાય તે માટે તમામ શાળા-કોલેજોમાં આ સાથે આપેલ નંબર પર જાણ કરવી તેમજ વધુ માહિતીની જરૂર પડેતો શ્રી બ્રિજેશ એમ.વર્મા. મો.નં. ૯૭૨૪૨૭૭૭૭૧ (રોડ સેફ્ટી ટ્રેઇનર) અથવા નોડલ ઓફિસર શ્રી કે.બી.પટેલ મો.નં. ૯૭૧૨૭૪૬૧૩૨ ખાતે સંપર્ક કરવા વિનંતી છે. "આપના સહકારની અપેક્ષા સહ"

ઈ.ચા. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી
સુરત.

REGIONAL TRANSPORT OFFICE * SURAT *

**નકલ સવિનય સહ રવાના:**

- પ્રતિ,ખાસ ફરજ પરના અધિકારીશ્રી, મેં.વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણસારૂ

Scanned with CamScanner